RNI No. GUJGUJ/2011/44815



વર્ષ : 7
જૂન - 2018
કિંમત - રૂ.10/-

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

## જલ હૈ તો કલ હૈ, યે કુદરત કા અનમોલ ફલ હૈ
## આઓ સબ કરે સંકલ્પ, પાની કા કરે સદ્‌ઉપયોગ





# ટીપે ટીપે સરોવર ભરાય

વ્હાલા રઘુવંશી ભાઈ-બહેનો,

જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...

હું હમણાં વિદેશ પ્રવાસે હતો, ત્યારે એક વિશાળ સમુદ્ર કિનારેથી પસાર થઈ રહ્યો હતો. ભરતી આવવાથી સંખ્યાબંધ માછલીઓ કિનારે આવી પડી હતી. બે ત્રણ બાળકો અહીંથી ત્યાં દોડી એક એક માછલી ઉછાળી સમુદ્રમાં ફેંકી રહ્યા હતા. મેં એક બાળકને પૂછ્યું, "બેટા, અહીં તો સેંકડો માછલીઓ પડી છે, તમે થોડી માછલીઓના જીવ આ રીતે બચાવશો તેથી શું ફરક પડવાનો છે ?" એ બાળકે મારી સામે જોયા વગર જ કહ્યું, "આ થોડી માછલીઓને તો ફરક પડશે ને ?" આ બાળકના જવાબે મને વિચારતો કરી દીધો. મિત્રો આપણા સમાજ અને જ્ઞાતિ વિકાસના કાર્યોમાં પણ આવું જ છે. જ્યાં સુધી આપણે નાની નાની બાબતને ધ્યાનમાં લઈ તેનું નિરાકરણ ન કરીએ ત્યાં સુધી મોટી બાબતોનું નિરાકરણ કેવી રીતે કરશું ? આપણે હંમેશા એમજ વિચારીએ છીએ કે મોટી બાબતોના નિરાકરણથી જ મોટો ફરક પડે છે. પરંતુ આપણે રોજરોજનાં કાર્યો પર નજર નાખશું તો દેખાઈ આવશે કે નાનાં નાનાં કાર્યોનું સમજપૂર્વક નિરાકરણ કરવાથી જ મોટા કાર્યો પાર પડી શકે છે. કહેવાય છે કે 'ટીપે ટીપે સરોવર ભરાય.'

આપણા દરેકનું જીવન નાની નાની ઘટનાઓથી બને છે અને બગડે છે. આપણે આપણી સાથેના તથા અન્યોની સમાજની પ્રગતિની દિશા નક્કી થાય છે.. કોઈ પણ નાનું કામ શરૂ કરતી વખતે પોતાની જાતને ક્યારેય એમ સમજીને જ કાર્યનો આરંભ કરવો, કારણ કે નાની ચીજો વડે જ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આપણે વિવિધ પ્રકલ્પોના સંકલ્પો સિદ્ધ કરવા નાના પાયે શરૂ કરી પૂરાય વિશ્વના રઘુવંશી ભાઈ-બહેનો અને મહાજનોને એક મોડેલ કાર્યક્રમ આપી સંદેશ આપવાનો પ્રયત્ન કરીએ છીએ. આવો જ એક સુંદર કાર્યક્રમ વિશ્વ પર્યાવરણ દિનના ઉપલક્ષમાં ગત ૨૭ મેના દિવસે વિવિધ તજજ્ઞો અને સમાજ શ્રેષ્ઠીઓના સાનિધ્યમાં સુંદર રીતે સંપન્ન થયો. પર્યાવરણ સમિતિ અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભિમાણીને ખુબ જ અભિનંદન પાઠવું છું. તેઓની પર્યાવરણ જાગૃતિ માટેની ધગશ અને સતત સમર્પણ ભાવ પ્રશંસનીય અને ઉદાહરણીય છે.

આવા જ સુંદર કાર્યો આપણે શિક્ષણ, આરોગ્ય, પ્રોફેશનલ, ઉચ્ચ શિક્ષણ દ્વારા કારકિર્દી, લગ્ન વિષયક, સામાજિક સુરક્ષા, અતિથિ ભવન જેવા પ્રકલ્પો દ્વારા નાના કાર્યો દ્વારા સમાજના મોટા કાર્યો પાર પાડવા સક્ષમ થઈશું જ. મિત્રો શરૂઆતમાં નાના નાના કાર્યો વડે જ સમાજમાં અને દેશમાં મોટા કાર્યો પાર પડ્યા છે તેવા અનેક દાખલા આપણી સમક્ષ મોજૂદ છે. શરૂઆતમાં સમાજની બે-ચાર સજાગ અને સમર્પિત વ્યક્તિઓની વિચારણા અને શક્તિને અમલમાં મૂકી, સમય જતા મોટાં મોટાં મંડળો અને સંસ્થાઓ વિકસી છે, જે શૈક્ષણિક ક્ષેત્રે અને સાંસ્કૃતિક ક્ષેત્રે અનેક સમાજ ઉપયોગી કાર્યો કરી રહી છે. આપણા સૌમાં ઈશ્વરીય શક્તિનાં બીજ પડેલા જ છે. આ શક્તિ વડે આપણે પણ માનવતા, જ્ઞાતિ વિકાસના દરેક નાનાં કાર્યોમાં યોગદાન આપી શકીએ છીએ.

બસ આવા જ કંઈક ભાવ અને ઉદ્દેશ સાથે ચાલો આપણે સૌ આગામી તા. ૨૩ અને ૨૪ જુનના રોજ શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજન કોઈમ્બતુરના સુવર્ણ જયંતિ નિમિત્તે તેમના હાર્દિક નિમંત્રણથી કારોબારી સમિતિ મીટિંગમાં જોડાઈને 'ટીપે ટીપે સરોવર ભરાય'ના મંત્રને સાર્થક કરવાનો પ્રયત્ન કરીએ !!! તા. ૨ અને ૩ જૂન, ૨૦૧૮ ના રોજ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે મહાજનશ્રીની શુભેચ્છા મુલાકાત લીધેલ અને પ્રેસ કોન્ફરન્સ તથા સ્થાનિક સભ્યોની સંકલન અને તૈયારી બદલ રાજીપો વ્યક્ત કર્યો છે.

પ્રવિણ કોટક

પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ

વર્ષ : 7
જૂન - 2018
અંક : 77
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોઠક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત પે. વન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોઠક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરુભાઈ મીચાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ક્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૬૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 20 સળંગ અંક : 236

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreelmpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકના પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી ........ ૨
તંત્રી સ્થાનેથી ........ ૪
વિશ્વ પર્યાવરણ દિવસ–ડૉ. રમેશ ભાયાણી ........ ૬
સમાજની સાથે સાથે ........ ૮
વિભાગીય સમાચાર ........ ૧૧
સ્થાયી સમિતિઓના અહેવાલ ........ ૧૨
સંસ્થા સમાચાર ........ ૧૫
શાબાશ રઘુવંશી ........ ૧૭
કોઈમ્બતુરની મુલાકાત ........ ૧૯
સૌજન્ય જાહેરાત, શ્રી દિપકભાઈ ઠક્કર – અમદાવાદ ........ ૨૦

# ૨૧ જૂન
# વિશ્વ યોગ દિવસ

આપણે બધા જાણીએ છીએ કે દર વર્ષે ૨૧ જૂને આખાય વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવે છે. આખા વિશ્વમાં આ દિવસને ઉજવવાની શરૂઆત કરવામાં ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું બહુ મોટું યોગદાન છે.

તેમણે વિશ્વના દેશોમાં જઈને યોગના લાભ અને મહત્ત્વને વિશ્વના લોકોને સમજાવ્યા અને આજે પુરા વિશ્વમાં આ દિવસને પૂરા ઉત્સાહ અને આનંદથી ઉજવવામાં આવે છે.

નરેન્દ્ર મોદીએ પોતાનો વિચાર ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૪ ના રોજ યુનાઈટેડ રાષ્ટ્ર સમક્ષ મૂક્યો અને ડિસેમ્બર ૨૦૧૪માં અનુમતિ મળી યુનાઈટેડ દેશોએ ૩ મહિનાની અંદર પોત પોતાની એમ્બેસીમાં જાહેરાત કરી કે ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવામાં આવશે. આ દિવસને વિશ્વભરમાં નાના-મોટા દરેક ક્ષેત્રોમાં ઉજવવાનું નક્કી કર્યું અને તે દિવસે ઘણા રાષ્ટ્રોમાં મોટા મોટા મેદાનોમાં યોગ કરતા જોવા મળે છે અરે ત્યાં સુધી કે દરેક રાષ્ટ્રોના પ્રમુખ અને પદાધિકારીઓ સહિત નરેન્દ્ર મોદી પણ પોતે આમાં ભાગ લે છે.





યોગમાં જે શક્તિ છે તે દુનિયા કે કોઈ વ્યાયામમાં નથી. યોગની બહુ મોટી ખાસિયત એ છે કે યોગ કરવા માટે તમારે કોઈ સાધન - સામગ્રીની જરૂર નથી. યોગ એ એક એવી પ્રક્રિયા છે કે જેમાં તમારે કોઈ દવા વગર દરેક રોગોમાંથી મુક્તિ મેળવી શકાય છે. યોગ માટે દરરોજ સવારે ૨૦ થી ૩૦ મિનિટ ફાળવવી અને દિવસભરના થાક દૂર કરી શકો છો.

**સર્વે રઘુવંશીઓને વિશ્વ યોગ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ....**

**॥ योगः कर्मसु कौशलम् ॥**



# આદિ માનવથી આધુનિક માનવ સુધીની સફર અને આ પર્યાવરણ

૫ જૂન, દર વર્ષે આ પૃથ્વી પર ''વિશ્વ પર્યાવરણ દિન'' તરીકે ઉજવાય છે. સમગ્ર વિશ્વમાં પર્યાવરણ જાગૃતિ માટે સરકાર, વિવિધ સંગઠનો, સામાજિક સંસ્થા, શાળાઓ, વિશ્વ વિદ્યાલયોમાં આ માટે કાર્યક્રમો થાય છે અને લોકોમાં પર્યાવરણ બચાવવા વિવિધ પ્રકલ્પોના સંકલ્પો લેવડાવાય છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના વિઝનરી પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા પણ પર્યાવરણ સમિતિની રચના કરી તેના રાષ્ટ્રીય અધ્યક્ષની જવાબદારી પર્યાવરણ પ્રેમી શ્રી કિરીટભાઈ ભિમાણીને સોંપીને ખૂબ જ ઉમદા અને ઉદાહરણીય પ્રવૃત્તિઓ થઈ રહી છે. વર્ષ દરમિયાન સક્રિયતાથી પર્યાવરણ જાગૃતિને લઈને વિવિધ પ્રવૃત્તિઓ અસંખ્ય જ્ઞાતિબંધુઓ અને સમાજ સેવકોના સહકારથી થાય છે તે બદલ શ્રી કિરીટભાઈને અઢળક અભિનંદન આપવા જ પડે..

જેને આપણે પર્યાવરણ કહીએ છીએ તે કુલ ત્રણ જીવિત (biotic) અને પાંચ અજીવિત (abiotic) તત્વોના પરસ્પરના સંબંધોનું બનેલું છે. આ આઠ તત્વો સિવાય પર્યાવરણમાં કોઈ બાબત આવતી નથી. આપણા પુરાણો અને શાસ્ત્રો પણ કહે છે કે વિશ્વ પણ આ આઠ તત્ત્વોનું બનેલું છે. પાંચ અજીવિત તત્વોને આપણા પ્રાચીન સાહિત્યમાં પંચમહાભૂત કહેવાય છે, તો ત્રણ જીવિત તત્ત્વોને બ્રહ્મા (જનરેટર), વિષ્ણુ (ઓપરેટર કે સંચાલક) અને શિવ-કલ્યાણક (ડીકમ્પોઝર) કહેવાય છે. આમ પર્યાવરણના આઠેય તત્વો પરસ્પર સાથે એક કુદરતી સમતુલનથી સંકળાયેલા છે. માનવી આ સમગ્ર શ્રૃંખલાનો એક નાનો હિસ્સો છે. અન્ય પ્રાણીઓનો સવાલ એટલા માટે નથી, કારણકે તેઓ આ સમતુલાને બગાડતા નથી. પરંતુ માનવી પોતાના કહેવાતા વિકાસ અને પ્રગતિ માટે આ કુદરતી સમતુલાને બગાડી રહ્યા છે.

માનવ આદિકાળથી પ્રકૃતિના સાનિધ્યમાં રહેતો આવ્યો છે, પ્રકૃતિની ગોદમાં ઉછરેલો માનવી વિરાટ ઔદ્યોગિક ક્રાન્તિ અને ટેક્નોલોજીની અવનવી શોધખોળ દ્વારા તેમજ આધુનિક સંદેશાવ્યવહારના ઉપકરણો દ્વારા ભલે આજે ચંદ્ર ઉપર પહોંચ્યો છે, ભલે તે આર્થિક ઉન્નતિની ટોચે છે. ટી.વી., કમ્પ્યુટર, ઈન્ટરનેટ અને સોશિયલ મિડિયા દ્વારા ભલે તે કૃત્રિમ રીતે પ્રકૃતિનું સાનિધ્ય અનુભવતો હોય છતાંય તેને અહેસાસ છે કે તે પ્રકૃતિથી દૂર જઈ રહ્યો છે. પ્રકૃતિનો પર્યાય હજી સુધી તે નથી શોધી શક્યો. નૈસર્ગિક આનંદને છોડીને ભૌતિક સુખ મેળવવાની લાલસામાં માનવી મનની શાંતિ ગુમાવી બેઠો છે. અર્થોપાર્જનની અવિરત ચાલુ રહેતી દોડમાં માનવી હવે એવો જોતરાઈ ગયો છે કે જેને લીધે પાછું વળીને જોઈ શકતો નથી. વિકાસની આગેકૂચમાં માણસ વાસ્તવિકતામાં તરફ આંખ આડા કાન કરી રહ્યો છે. એનો આધુનિકતાનો મોહ ક્યાં લઈ જશે તે પણ એક વિકરાળ પ્રશ્ન છે. વૈજ્ઞાનિક સંશોધનો - સગવડો સામે એટલા જ સંકટો મોં ફાડીને માનવજાત સમક્ષ ખડા છે.

શું આપણે સૌ એ જાણીએ છીએ કે એક દિવસમાં એક માણસ ત્રણ સિલિન્ડર ભરાય તેટલો ઓક્સિજન શ્વાસમાં લે છે. એક ઓક્સિજન સિલિન્ડરની કિંમત છે રૂા. ૭૦૦/- એટલે કે એક વ્યક્તિ એક દિવસમાં રૂા. ૨૧૦૦/-ની કિંમતનો પ્રાણવાયુ વાપરે છે. એક વર્ષમાં આ રકમ થાય રૂા. ૭,૬૬,૫૦૦/- આ હિસાબે એક વ્યક્તિને ૬૫ વર્ષ જીવવા માટે પાંચ કરોડ રૂપિયાનો ઓક્સિજન જોઈએ. આ ઓક્સિજન આપણને




તદ્દન મફતમાં પૂરો પાડે છે. આપણી આસપાસ રહેલા વૃક્ષો. વૃક્ષોનો ઉપકાર અનંત છે. તેઓ આપણને જિંદગી આપે છે, તાજા શ્વાસ આપે છે. તેના બદલામાં કશું જ માગતા નથી. મિત્રો, જો આપણે સારી રીતે જીવવું હોય તો વૃક્ષોને જિવાડીએ.

એક એવી માન્યતા છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં જ પર્યાવરણની જાળવણી અંગે જાગૃતિ આવી છે. પર્યાવરણ અંગે દુનિયાભરના લોકોમાં સભાનતા કેળવાય તે માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવે છે, પરંતુ આપણી સાંસ્કૃતિક ધરોહરનો અભ્યાસ કરીએ તો જણાશે કે, પર્યાવરણની જાળવણી કરતા રહીને કેમ વિકાસ કરવો, આપણા જીવનને કેમ સમૃદ્ધ બનાવવું તે બાબતમાં આપણા પૂર્વજો વધારે ચિવટવાળા હતા. પર્યાવરણ જાળવવાનો અનુરોધ દરેક ધર્મોએ કરેલો છે. કૃષ્ણ હોય કે મહાવીર – ઈસુ કે પછી મોહંમદ પયંગબર હોય, આ સૌ પ્રકૃતિ પ્રેમીઓ હતા. ચક્રવર્તી રાજા અશોકના સમયે પણ વૃક્ષોના છેદન પર પ્રતિબંધ હતો અને દંડ પણ. પ્રાચીન સમયમાં વૃક્ષો – નદીઓ – સાગરની પૂજા થતી. જો કે આપણે ત્યાં અત્યારે ય થાય છે. જેઓ જીવનને પોષે છે તેનો નાશ જ થાય તેવી ભાવના આપણા પૂર્વજોમાં હતી.

ચાલો આપણે સૌ પણ આધુનિક ટેક્નોલોજીના તાલમેલ સાથે માનવતાવાદી સમાજ ઊભો કરીને વ્યક્તિગત ધોરણે સાવચેતી રાખી પર્યાવરણને પ્રાકૃતિક રીતે જાળવવા દઢતાપૂર્વક પ્રયત્નો કરીએ. વધુ ને વધુ વૃક્ષો વાવીએ, વાવેલા વૃક્ષોનું છેવટ સુધી જતન કરીએ. વીજળી, ખનીજતેલ, લાકડું વગેરેનો ઉપયોગ કરકસરથી કરીએ, તેનો બગાડ અટકાવીએ, અવેજીમાં ઊર્જા સ્રોતોનો ઉપયોગ વધારવાની ટેવ પાડીએ. પર્યાવરણને નુકસાન કરતી બાબતો અને વ્યક્તિઓને સમાજમાં ખુલ્લા પાડવાની હિંમત કેળવીએ. બાળકો અને નવી પેઢીમાં પ્રકૃતિ પ્રેમ અને રક્ષણનું જ્ઞાન અને સમજ કેળવીએ અને કોઈ પણ વળતર વિના કુદરત આપવાને જે આપે છે તેનું મૂલ્ય આ પંક્તિઓથી સમજીએ :




"ચાલ એક આંટો બહાર મારી આવીએ,
બંધનોથી મુક્ત હવાને માણી આવીએ;
આપવાની શું હોય છે મજા એ જાણવા,
વૃક્ષ કે પછી વાદળને મળી આવીએ.

– પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના







શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે છેલ્લા દિવસોમાં કરેલ વિદેશ પ્રવાસ બાદ તાજેતરમાં જ BAPS સ્વામીનારાયણ સંસ્થાના વડા પૂજ્ય મહંત સ્વામીની મુલાકાત લઈ આશીર્વાદ મેળવી ધન્યતાનો અનુભવ કર્યો હતો. લંડનથી પધારેલા શ્રી નિતિનભાઈ પલાણ તથા શ્રી નિલકુમાર કોટેચા સાથે શ્રી પ્રવિણભાઈ કોટકે પૂજ્ય મહંત સ્વામી પાસેથી આશીર્વાદ મેળવ્યા હતા.

# વિશ્વ પર્યાવરણ દિન - ૫મી જૂન

## પૃથ્વી આપણી હાકલ કરી રહી છે આપણે જાગીએ !!

યુએનએ (યુનાઈટેડ નેશન્સ એન્વિરોન્મેન્ટ પ્રોગ્રામ) ના ટૂંકા નામથી જાણીતી સંયુક્ત રાષ્ટ્રસંઘની પર્યાવરણીય બાબતો અંગે રચવામાં આવેલ સંસ્થા ૫મી જૂન રોજ પર્યાવરણ દિન તરીકે ઉજવવામાં આવે છે. પર્યાવરણ દિન ૧૯૭૨માં સ્ટોકહોમ ખાતે મળતી સામાન્ય સભામાં નક્કી કરવામાં આવેલ.

સમગ્ર વિશ્વ ૫મી જૂનના રોજ પર્યાવરણ દિનની ઉજવણી કરે છે. વૈશ્વિક તાપમાનમાં થતા વધારા અને પર્યાવરણ પ્રદૂષિત થતા ઊભી થયેલી સમસ્યાઓ આજે આપણે સૌ જાણીએ છીએ એટલું જ નહિ તેના પરિણામો ભોગવીએ છીએ, માટે આપણે સૌ જાગૃત થઈ પર્યાવરણનું રક્ષણ કરીએ, તે માટે ૫મી જૂન પર્યાવરણ અંગે જાગૃતિનો દિવસ છે. આ માટે આપણાથી શક્ય એટલા પર્યાવરણ અંગેના કાર્યક્રમો લોકોને અને સમાજને જાગૃત કરીએ. આપણે સૌ પર્યાવરણનું સંવર્ધન કરીએ તે માટેના વિવિધ કાર્યક્રમો કરી આ દિનની ઉજવણી કરી શકાય. કાર્યક્રમોની સૂચિ નીચે મુજબ છે.

(૧) હરીયાળી જીવનશૈલી અપનાવીએ.
(૨) પુનઃ ઉપયોગમાં લેવાયેલા પદાર્થોમાંથી કલા-કારીગરી કરીએ.
(૩) પર્યાવરણીય યોજનાને લાભાન્વિત કરવા હરાજી કરીએ.
(૪) પર્યાવરણ સ્પર્ધાઓ માટે પુરસ્કાર આપવા સમારંભો યોજીએ.
(૫) જનજાગૃતિ ઝુંબેશ હાથ ધરીએ.
(૫) સાયકલ રેલી / હરીફાઈ યોજીએ.
(૭) ટીવી અને રેડિયો જેવા માધ્યમથી જાહેર સેવાઓની ઘોષણા કરીએ.
(૮) મહત્તમ વળતર આપતા બળતણવાળી મોટરકાર ખરીદીએ. સીએનજીના ઉપયોગવાળી કાર ખરીદીએ.
(૯) તમારી દિનચર્યાથી ઉદ્‌ભવતી કાર્બન ફૂટ પ્રિન્ટની ગણતરી કરીએ.
(૧૦) કારપૂલ એક ને બદલે નિયત સંખ્યાની વ્યક્તિઓ સાથે કાર વાપરીએ.
(૧૧) લોકપ્રિય વ્યક્તિઓનો સાથ અને સહયોગ મેળવીએ.
(૧૨) સ્વચ્છતા અંગેની ઝુંબેશ શરૂ કરીએ.
(૧૩) બેનર્સ, ચિત્ર, નિબંધ, રંગપૂર્ણી, પોસ્ટર્સ, કાવ્ય વગેરેની સ્પર્ધાઓ યોજીએ.
(૧૪) પર્યાવરણ અંગે સંમેલનો યોજીએ.
(૧૫) પર્યાવરણ અંગેના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચાસભા યોજીએ.
(૧૬) ૫મી જૂન, વિશ્વ પર્યાવરણ દિનના રોજ તમારો બ્લોગ સમર્પિત કરીએ.
(૧૭) પત્રિકાઓ તૈયાર કરીએ અને લોકો તથા સમાજમાં આપીએ.
(૧૮) પર્યાવરણીય ઉમદા હેતુ માટે દાન કરીએ.
(૧૯) શાળાઓમાં તેમજ બોર્ડિંગ કે હોસ્ટેલમાં પર્યાવરણીય શિક્ષણના કાર્યક્રમો યોજીએ.
(૨૦) કુદરતી સ્થળોનો પ્રવાસ કરીએ.
(૨૧) ચિત્ર, પોસ્ટર્સ, ફોટોગ્રાફ્સ, રંગપૂર્ણી, કૃતિઓનું પ્રદર્શન યોજીએ.
(૨૨) મેળાઓનું આયોજન કરીએ.
(૨૩) ઉત્સવો યોજીએ.
(૨૪) પર્યાવરણ અંગેના ચલચિત્રોના ઉત્સવ યોજીએ.
(૨૫) પર્યાવરણીય સંસ્થાના સભ્યપદ બક્ષીસમાં આપીએ.
(૨૬) સમાજ આધારિત પર્યાવરણીય પ્રવૃત્તિઓનું માર્ગદર્શન આપીએ.
(૨૭) મુખ્ય માર્ગોના ચાર રસ્તાઓ ખાતે બેનર્સ પ્રદર્શિત કરીએ.





(૨૮) સ્થાનિક પર્યાવરણના જુથોને વિશ્વ પર્યાવરણ દિનના કાર્યક્રમો યોજવામાં મદદ કરીએ.
(૨૯) વિશ્વ પર્યાવરણ દિન અંગે તમારા મિત્રોને વોટ્સએપ દ્વારા માહિતીઓ આપો.
(૩૦) સંસ્થાકીય પરબીડિયામાં પર્યાવરણ અંગેના સંદેશાઓ છાપીને જાગૃતિ લાવીએ.
(૩૧) પર્યાવરણીય જુથોમાં સભ્ય થઈએ.
(૩૨) યુએનઈપીના તટસ્થ કાર્બન નેટવર્કમાં જોડાઈએ.
(૩૩) અડોસ-પડોસના વિસ્તારોને સ્વચ્છ રાખીએ.
(૩૪) કાર્બન ડાયોક્સાઈડ – અંગારવાયુનું ઉત્પાદન ઓછું થાય તેવું કાર્ય કરીએ.
(૩૫) પર્યાવરણીય ઝુંબેશ ચલાવીએ.
(૩૬) પર્યાવરણના અધિકારોની જાણકારી મેળવીએ.
(૩૭) સરકારશ્રીની પર્યાવરણ નીતિઓ, પુસ્તકો અને અહેવાલો પ્રસિદ્ધ કરીએ.
(૩૮) પર્યાવરણની જાગૃત માટે રેલીનું આયોજન કરીએ.
(૩૯) આ અંગેની પ્રવૃત્તિનો અખબારમાં અહેવાલ આવીએ.
(૪૦) જાહેર સ્થળોની આસપાસ ક્યારેય ગંદકી ન કરીએ અને કચરો ન ફેંકીએ.
(૪૧) ધંધાકીય પ્રવૃત્તિઓમાંથી નીકળતા વાયુઓને નિયંત્રિત કરીએ.
(૪૨) વૃક્ષારોપણ કરીએ.
(૪૩) વધુ પડતો પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરીએ.
(૪૪) પર્યાવરણ અંગેના ટી-શર્ટ, સ્ટિકર્સ, બુકમાર્ક વહેંચવા પ્રેરિત થઈએ.
(૪૫) વરસાદના પાણીનું સંચય કરીએ.
(૪૬) કચરો ઘટાડીએ, નકામી વસ્તુઓનો પુનઃ વપરાશ કરીએ.
(૪૭) ચીલાચાલુ વીજળીના ગોળા (બલ્બ)ને બદલે ઊર્જા બચત કરે તેવા બલ્બ વાપરીએ. (CFL અથવા LED બલ્બ વાપરીએ.)
(૪૮) કાગળનો બચાવ કરીએ.
(૪૯) નકામી – ચીજવસ્તુઓને વર્ગીકરણ મુજબ છૂટા પાડીએ. (સૂકો કચરો, ભીનો કચરો વગેરે)
(૫૦) કાર્યક્રમો માટે ખાનગી સંસ્થાઓનો સહયોગ મેળવીએ.
(૫૧) પર્યાવરણીય હેતુલક્ષી રમતગમતોનું આયોજન કરીએ.
(૫૨) બીનવપરાશ સ્થિતિમાં ટીવી કોમ્પ્યુટરનો વીજ પુરવઠો (સ્વીચ-ઓફ) બંધ કરીએ.
(૫૩) પર્યાવરણીય બાબતોના પગલાં લઈએ.
(૫૪) અવર-જવર માટે ટૂંકું અંતર ચાલીને જઈએ. સાયકલનો ઉપયોગ કરીએ.
(૫૫) વાહનોમાંથી બહાર પડતા ધુમાડાનું મોનીટરીંગ કરો. (PUC પ્રમાણપત્ર રાખીએ.)
(૫૬) વિશ્વમાં સ્વચ્છતા કરતી સંસ્થાઓમાં સ્વયંસેવકની ભૂમિકા ભજવીએ.
(૫૭) ઓછો બગાડ કરીએ.
(૫૮) પર્યાવરણીય જવાબદારી સ્વીકારીએ.
(૫૯) પર્યાવરણને નુકસાન કરતા વાયુનું ઉત્પાદન ન કરીએ.
(૬૦) પર્યાવરણ પ્રદૂષિત ન થાય તેવા સંકલ્પ સાથે કાર્ય કરીએ.

આવા કાર્યક્રમો યોજી લોકજાગૃતિ તથા સમાજ જાગૃતિ કરી શકાય નહીં આપણે સૌ જાણીએ છીએ એના પરિણામો પણ આપણે જ ભોગવવાના રહેશે. તો સૌના સાથ સહકાર અને સહયોગ લઈ પર્યાવરણનું જતન કરીએ.

ડૉ. રમેશ ભાયાણી, રાજકોટ
અધ્યક્ષ - થેલેસેમિયા સમિતિ

# સમાજની સાથે સાથે.....

## સમસ્ત રઘુવંશી પરિવારજનોને દિલથી જય જલારામ, જય શ્રીરામ અને વંદન....



**"યુવા થકી અને એકતા થકી સામાજિક ક્રાંતિ**

જલાની સાક્ષીએ મારા રઘુવંશ સમક્ષ મારા અંતરના વિચારો રજુ કરું છું. વિચારો ભાવનાથી રજુ કર્યા છે, છતાં કોઈ ક્ષતિ થઇ હોય તો ક્ષમા ચાહુ છું. કેટલાક વિષયો નજર સમક્ષ છે તેને ઉજાગર કરવા હશે તો વડીલોને વંદન કરી યુવા પેઢીએ આવા વિષયોને દિશા આપવી પડશે જેવાં કે.....

- સમૂહલગ્નોના આયોજનને શ્રેષ્ઠ બનાવી દિકરીઓને કન્યાદાન કરવું.

- સમસ્ત સમાજનો યજ્ઞ એક જ જગ્યાએ એક જ બેનરથી થાય.

- કુરિવાજો પર પ્રતિબંધ આવે.

- દિકરા અને દિકરીઓ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આગળ વધે.

- સમાજની એકતાના દર્શન થાય.

- સમાજ હકારાત્મક અભિગમ સાથે આગળ વધે વગેરે.....

પરંતુ વિચાર મૂકવાથી કે સૂચનો કરવાથી સમાજનો વિકાસ શક્ય નથી ખરું ને?

આ માટે આળસ ખંખેરી યુવા પેઢીએ વિચારોને અમલમાં મુકવા પડશે અને જરૂરી જણાય ત્યાં વડીલોનું માર્ગદર્શન પણ મેળવવું પડશે તો જ નક્કર પરિણામ તરફ જઈ શકાશે.

કોઈ કાર્ય કરવા જતા પ્રથમ વખત સફળતા ન મળે તો નાસીપાસ થવાની જરૂર નથી. સમય આવે તે કાર્ય દિપી ઊઠશે. કારણ રામનું ધાર્યું પણ બધું ન થયું. દરેક સમાજનાં બે-ચાર એવા રહેવાના કે તેઓ કોઈ કાર્ય કરવાના પણ નહીં અને કરવા દેવાના પણ નહીં કારણકે આવા લોકો 'મોટીવેશન' કરવાની જગ્યાએ મોરલ તોડવાના પ્રયત્નો કરે છે. છતાં આજે ઘણા સમાજો વિકાસની દિશાને પામ્યા છે. હા... કોઈ ખોટું કામ કરવું હોય તો ડર લાગે કે લોકો શું કહેશે? બાકી સાચી દિશઆમાં જવું છે તેને સમાજ ક્યારે પણ રોકતો નથી કારણ સમાજ એ દર્પણ છે જેમાં સાચા કાર્યનું અને સાચા વ્યક્તિનું પ્રતિબિંબ પડતું હોય છે. પરંતુ આ માટે આજના યુગમાં સારા વિચારોને સારી રીતે મૂકવા અને અમલ કરાવવા સારું અને સાચું.. યુવા સંગઠન પણ એટલું જ જરૂરી છે. જે લખું છું તે પેન મારી છે પણ જે લખાય છે તે સમાજમાં હરતા ફરતા મળેલા આપ સૌના વિચારો છે. છતાં દુઃખ લાગે તો માફ કરશો પણ ખોટા ખોટા દુઃખી થવાનો કે બીજાને દુઃખી કરવાનો તર્ક સમાજમાં ખોટી રીતે ન ફેલાવતા. કારણ સમાજ દર્પણ છે. આજે નહીં તો કાલે આપણું પ્રતિબિંબ ચોખ્ખું દેખાય જ છે.



હમણાં હમણાં સમાજમાં થોડી ઘણી દિશા બદલાઈ છે જેમાં આપણે બધા જવાબદાર છીએ. આ માટે પહેલાં આપણા પૂર્વજોને અને તેમની રિતભાતને વંદન કરી યાદ કરવા છે. ગામમાં એક જ ઘર આપણું હોતું અને નાની હાટડીએ પણ શેઠનું બિરુદ મળેલ એટલું જ નહીં ગામના દરેક કાર્યમાં શેઠની સલાહ લેવાતી. કેટલાક ગામનો ઇતિહાસ તો એવું કહેશે કે શેઠને પૂછ્યા પહેલાં ગામના લોકો પાણી પણ ન પીતા. તેનું મુખ્ય કારણ મારી દ્રષ્ટિએ એ હતું કે સાચા અર્થમાં રઘુવંશી હતા. કારણ રામની જેમ લોકોના સુખે સુખી અને લોકોના દુઃખે દુઃખી થતા. રઘુવંશની રિતને સાચા અર્થમાં પૂર્વજો નિભાવતા હતા. એકવાર મુખમાંથી જે શબ્દ નીકળે તેનું પ્રાણના ભોગે પાલન કરતા. પરંતુ ધીમે ધીમે તેનો લોપ થયો લોકો કહે છે કળિયુગ છે તેમાં બધે આવું ચાલે, તેવો સંતોષ વ્યક્ત કરીએ છીએ પરંતુ રઘુકૂળના રામના વંશજને આવું બધું શોભે ખરું?



જલાના આશીર્વાદથી આર્થિક રીતે સંપન્ન થયા પરંતુ રઘુકૂળની રીતને ભૂલતા ગયા.

પરિણામ એ આવ્યું શ્રેષ્ઠ કૂળના દિપકોની જ્યોત ઝાંખી થવા લાગી. એક નામથી અને એક બોલથી આખું ગામ ચાલતું. આજે આપણા બોલની કિંમત આકી જોજો તેના માટે આપણે બધા જ જવાબદાર છીએ.

પરંતુ હજુ કંઈ વીતી ગયું નથી 'જાગ્યા ત્યાંથી સવાર' બસ એક જ લક્ષ રઘુવંશના બિરૂદને કાટ નથી લાગવા દેવો. બધું જ સરળ થઈ જશે.

યુગ પ્રમાણે જે સગવડો મળી છે તેનો ૧૦૦% ઉપયોગ કરો. કારણ આપણા પૂર્વજોના કમાયેલા પુણ્યનું ફળ ભોગવવાનું છે પરંતુ એ સગવડોના જોમમાં પરિવારમાં ખોટી દિશા કે ખોટા વિચારો આવી ન જાય તે ખાસ જોજો. કારણ 'સંસ્કાર વિનાનું જીવન એ કપાયેલ નાક બરાબર છે.'

આપણે રઘુકૂળના વંશજ છીએ તેટલું લક્ષમાં રાખીશું તો ઘણું બધું આપોઆપ સમજાઈ જશે. ભૌતિક સુખની શોધમાં નૈતિકતાનું અધઃપતન ન થાય તેની કાળજી રાખીશું જેટલું થાય તેટલું પણ સમાજ માટે સાચું અને સારું કરીશું.

રઘુવંશી સમાજ સામે કોઈ આંગળી ઊઠાવે તેવું પગલું નહી ભરીએ તેવું આપણે આપણી જાતે જ કરીશું, ભૌતિક સુખ એ જ માત્ર સુખ છે તે ભ્રમમાંથી બહાર આવીશું. કારણ સોનાની નગરીનો પ્રતાપી રાજા રાવણ બ્રાહ્મણનો ધર્મ ભૂલ્યો. ને કિંમત કોડીની થઈ. જલાના આશીર્વાદથી આર્થિક રીતે સંપન્ન થયા પરંતુ રઘુકૂળની રીતને ભૂલતા ગયા.

રઘુવંશે સમસ્ત દુનિયાને ઘણું આપ્યું છે. રામે અયોધ્યાની ગાદી છોડી ૧૪ વર્ષ વનમાં રહેવાનું પસંદ કર્યું. દુઃખની વ્યાખ્યા શું ? એની કલ્પના પણ ન કરી હોય તેવા વૈભવમાં ઉછેરલ મા સીતા પણ રઘુકૂળની રીત માટે વૈભવતાને ભૂલી ગયા.


આપણા પૂર્વજોને જેમણે માણ્યા છે વડીલો પાસે બેસજો સાંભળજો ક્યારેય કોઈનું હરામનું નથી લીધું. ભૂખે સુવું પડે તો ભલે પરંતુ બીજાના હક્કનું પડાવી લેવાની દાનત ક્યારે રાખી નથી.

યુગ બદલાયો છે. ૧૦૦% પરંતુ આપણો રઘુવંશી યુગ આપણી નજર સમક્ષ રાખી વર્તમાન યુગ સાથે તાલ મિલાવવો જોઈએ. રઘુકૂળની રીતને ભૂલીને ખોટું થાય તો તે બરાબર નથી.

સમયની સાથે પરિવર્તન જરૂરી છે. પરંતુ પરિવર્તન સમાજની શોભા અને વિકાસ માટેનું હોવું જોઈએ. સમાજની શોભાને ખાડામાં નાખી કરેલું પરિવર્તન વ્યર્થ છે. મા લક્ષ્મીજીની ઉપાસના જરૂરી છે. પરંતુ સાથે સંતોષ પણ એટલો જ જરૂરી છે. કોઈ આંધળી દોટની જરૂર નથી. સંતોષ અને શ્રેષ્ઠતા સાથે પધારેલ લક્ષ્મીજી ચિરંજીવ સુખ આપે છે. આ માટે પ્રામાણ્ય પરિશ્રમ કરતા રહીશું અને રઘુકૂળની રીતને નિભાવતા રહીશું તો પરમાત્મા પણ સામે ચાલી દર્શન આપશે અને તેના દર્શન થાય પછી આત્માને કંઈ કરવાનું નથી.

સમાજનું ભાવિ યુવા ભાઈ-બહેનો આપ છો ત્યારે અને ૨૧મી સદીના સોપાન છો ત્યારે તેની સાથે વિકાસની દિશામાં જરૂરથી કદમ મિલાવજો પરંતુ રઘુકુળની રીતને હંમેશા ઉજાગર કરજો.

ભૂલ દરેકની થાય પણ ભૂલનો સરવાળો કે ગુણાકાર ન થાય એ બાબતનો ખ્યાલ રાખી તમારા દિલ પર હાથ રાખી રામને સાથે રાખી થોડું વિચારજો અને થાય તેટલું સાચું અને સારું કાર્ય કરજો. પરંતુ જે કંઇ સારું કરો તેમાં ઉતાવળ નહીં પરંતુ ધીરજથી કરજો. સમજી-વિચારીને કરજો. શાંતચિત્તે કરજો અને સમાજના વિકાસને નવીન દિશા આપજો. દિલથી વિચારજો અમલ થાય તેટલો કરજો. પ્રયત્ન ચોક્કસ કરી આટલું ધ્યાનમાં રાખશો.



- આવડત હોય તેટલું ડગલું ભરજો.
- પનો પહોંચે તેટલી સોડ તાણજો.
- પરિવારની સ્થિતિ પ્રમાણે ખર્ચ કરજો.
- આવકનું માધ્યમ અવિરત રહે તેમ કરજો.
- ખોટો ખર્ચ ન થાય તેમ ખોટી આવક ન આવે તેનો ખ્યાલ રાખજો.

- ૨૧મી સદી છે સમયને માન આપજો.

-૧ કલાક ફાજલ મળે આરામ કરજો.

-સમયની સાથે રિવાજો બદલવા પ્રયત્ન કરજો પરંતુ રઘુવંશની શોભાને ડાઘ ન લાગે તેમ કરજો. - પ્રામાણ્ય પરિશ્રમ કરજો. માત્ર ગધ્ધા વૈતરું નહીં કારણ બુદ્ધિશાળી વંશના વંશજો છીએ.

-ખોટા ને સાથ ન આપતા વિભિષણ જેવા બની રામરાજ્યને ફરી પાછું લાવજો.

-સમાજને સહન કરવાનું થાય તેવું અથવા કાયરતાનું પગલું ક્યારેય ન ભરશો.

-જ્યાં આપણો હક્ક નથી તેવું હરામનું લેશો નહીં.

-પરસ્પરને મદદરૂપ બનજો નડરૂપ નહીં.

-ભૂલ થઈ હોય તો સ્વીકારી લેશો. એ ભૂલ નહીં કહેવાય.

-મૂળ રસ્તો મળી જાય તો મંઝીલ તરફ આગળ વધજો.

- કોઈના મનમાં ખોટી રાઈ ભરાઈ હોય તો તેને કાઢવા પ્રયત્ન ન કરશો. તેની ખોટી રીતથી રાઈ આપોઆપ ભાગી જશે.

- જે સમાજમાં કૂળની ઓળખ બની છે તે જ સમાજ આપણો ભગવાન છે. એ ખ્યાલ રાખજો. - કોઈ બે પાંચ વ્યક્તિથી સમાજનું માપ ન કાઢશો સમાજ એ દરિયો છે.

-સારા કામની શરૂઆત ધીમી કરજો પરંતુ નક્કરૂપમાં કરજો.

- તમારાથી કાર્ય ન થાય તો જેને શરૂ કર્યું છે તેને કરવા દેજો હવનમાં હાડકા ન નાખશો. - ઉંઘ હરામ થઈ જાય તેવું મનમાં પણ ન વિચારશો.

''સમાજ છે તો હું છું.''

અંતમાં આજના યુગમાં વેપાર અને ધંધો જરૂરી છે અને શિક્ષણ પણ જરૂરી છે. ઘણા યુવા ભાઈ-બહેનોએ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે જેનો અનહદ આનંદ છે. વિદેશોમાં પણ આપણું યુવાધન પહોંચ્યું છે. દુનિયાની પેલે પાર જજો જલીયાણ રક્ષા કરશે પરંતુ સમાજના દર્શન કરતા રહેજો.








## કડવું સત્ય :

ટૂંકાગાળાના રોકાણમાં જે ફાયદો છે તેના કરતાં વધારે ફાયદો લાંબાગાળાના રોકાણમાં છે જે વેપારની પરિભાષા આપણે ગળથૂંથીમાંથી શિખ્યા છીએ ત્યારે કેટલુંક યુવાધન અભ્યાસ છોડી શોર્ટકટ માર્ગે જઈ રહ્યું છે. જેમાં તેમનો દોષ નથી. સમાજ વ્યવસ્થાનો દોષ છે. કારણ લોકોને ઝડપથી બંગલા, ગાડી, વૈભવ જોઈએ છે. જો કે મળે તેનો આનંદ છે પરંતુ શોર્ટકટ એ શોર્ટકટ છે. વાવાઝોડા સમાન છે. તેનાથી સમાજને આર્થિક તેમજ સામાજિક નુકસાન થાય છે.

ધંધા વ્યવસ્થામાં તંદુરસ્ત સ્પર્ધા કરશો તો ઉદ્યોગપતિ થતા ભલે વાર લાગશે પણ પાંચ પેઢી સુધી જોવું નહીં પડે. વણ વૈભવ માટે અપનાવેલ શોર્ટકટ રઘુવંશની આબરૂને પણ લીલામ કરી દેશે. ખાવાથી કશું જ ખૂટતું નથી. નાની હાટડીએ પૂર્વજોએ હજારો મહેમાનોને ભોજન કરાવ્યું છે ને નામના પણ મેળવી છે.

વધારે નહીં કહેતા નાના મોટા ધંધામાં જે આરામ અને ઇજ્જત છે અને તેનો વિકાસ છે તેવા અનેક ઉદાહરણો છે. રિલાયન્સ ગ્રુપને નજર સમક્ષ રાખજો. શિક્ષણને અને સંતોષને પ્રાધાન્ય આપજો. ઉચ્ચ શિક્ષણ માટે ભાવિ પેઢીને પ્રોત્સાહન આપજો. જે ધંધા રોજગારને પણ ઉચ્ચતાના શિખરે લઈ જશે.

- પી.આઈ. ઠક્કર (હારીજ)

## વિભાગીય સમાચાર

# વિદર્ભ સહ મધ્ય ભારત વિભાગ



૫ જૂન, પર્યાવરણ દિવસ નિમિત્તે શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ સહ મધ્યભારત વિભાગ દ્વારા ખખ્ખર લોહાણા મહાજનવાડી, નાગપુરમાં લોહાણા સમાજના ભિષ્મ પિતામહ મુખ્ય અતિથિ વડીલ શ્રી મથુરદાસ (બાબુભાઈ) સુચક, લોહાણા મહાજનના પૂર્વ પ્રમુખ શ્રી ધીરૂભાઈ તન્ના, સમાજસેવી શ્રી હરિકિશનભાઈ ગણાત્રા, ઉદ્યોગપતિ શ્રી વસંતભાઈ ખખ્ખર.



લોહાણા મહાજન નાગપુરના માનદ્ મંત્રી શ્રી રાહુલભાઈ ખખ્ખર, લોહાણા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઉર્મિલાબેન ઠક્કર, શ્રી રઘુવંશી લોહાણા યુવક મંડળના પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ પોપટ, ચેમ્બર્સ ઓફ કોમર્સના પૂર્વ અધ્યક્ષ શ્રી નિલેશભાઈ સુચક, શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય ઉપાધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ દાવડાના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

પ્રથમ પ્રભુ પ્રાર્થના કરી મંચ ઉપર બિરાજીત અતિથિઓને તુલસીના વૃક્ષ આપી તેમનું સન્માન શ્રી નરેન્દ્રભાઈ દાવડા, શ્રી દામુભાઈ લાખાણી, શ્રી જયપ્રકાશભાઈ વસાણી, ડૉ. ભાવેશ ભુપતાની, શ્રી હરીશભાઈ લાખાણી, શ્રી ભરતભાઈ સાદરાણી, શ્રી કરણ દાવડાએ સ્વાગત કરેલ. કાર્યક્રમનું સંચાલન વિભાગીય મંત્રી શ્રી કમલેશભાઈ વસાણીએ કરેલ.

શ્રી મથુરદાસભાઈ સુચકએ વિદર્ભ વિભાગના થતા મહાપરિષદનાં કાર્યોને બિરદાવ્યા. શ્રી હરિકિશનભાઈ ગણાત્રાએ ''જલ છે તો જીવન છે'' તે બાબતે પોતાના વિચારો વ્યક્ત કર્યા, શ્રી ધીરજલાલભાઈ તન્ના તથા શ્રી વસંતભાઈ ખખ્ખરે પર્યાવરણ પ્રતિ સમાજને જાગૃત થવાની આવશ્યકતા છે. ''વૃક્ષો વાવો ધરતી બચાવો'' એવું સુચન કરેલું. શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ મહાપરિષદનાં કાર્યોની જાણકારી આપેલ તથા શ્રી લોહાણા મહાપરિષદનાં પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના નેતૃત્વમાં અનેક સારા કાર્યો સુચારૂરૂપથી ચાલી રહ્યા છે. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભિમાણી દ્વારા પર્યાવરણ નિમિત્તે સંપૂર્ણ ભારત વર્ષમાં વૃક્ષારોપણના કાર્યો થઈ રહ્યા છે.



ઉપરોક્ત કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદના ઉપપ્રમુખ શ્રી પ્રમોદભાઈ પટેલીયા, ગુજરાતી સાપ્તાહિકનાં સંપાદક શ્રી હરેન્દ્રભાઈ તન્ના, લોહાણા મહાજન, નાગપુરના પુર્વ પ્રમુખ શ્રી શિરીષભાઈ ઠક્કર, શ્રી રામદાસભાઈ વજાણી, શ્રી સુભાષભાઈ જોબનપુત્રા, શ્રી વિનોદભાઈ નાગ્રેચા, શ્રી લોહાણા સેવા મંડળના ઉપપ્રમુખ શ્રી હસમુખભાઈ સાગલાણી, શ્રી મુકેશભાઈ સેદાણી, શ્રી નરેશભાઈ વસાણી, શ્રી નિતીનભાઈ સોમૈયા, શ્રી બ્રજેશભાઈ રાચ્છ, શ્રી વસંતભાઈ પોપટ, શ્રી રઘુવંશી લોહાણા યુવક મંડળના ક્રિષ્ણા પોપટ, શ્રી કરણ રૂપારેલીયા, શ્રી કલ્પેશ વસાણી, શ્રી હેમંત ગણાત્રા, શ્રી નિલેશ ચોટાઈ, શ્રીમતી હેમાબેન રાજા, સુ શ્રી જયશ્રીબેન ઠક્કર, સુ શ્રી ધનરેખાબેન ઠક્કર, સુ શ્રી ભારતીબેન કારિયા તથા સમાજનાં શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.



**સંકલન : જયપ્રકાશ વસાણી**
**(વિભાગીય સંકલક શ્રી રઘુકુળ વિશ્વ)**

**પાણી બચાવો, જીવન બચાવો**

# વિશ્વ પર્યાવરણ દિવસના ઉપલક્ષ્યમાં પર્યાવરણ સમિતિ આયોજિત પરિસંવાદ







શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ દ્વારા ૫ જૂન - વિશ્વ પર્યાવરણ દિનના ઉપલક્ષ્યમાં દેશી લોહાણા વિદ્યાર્થી ભવન, કાંકરિયા, અમદાવાદ ખાતે તા. ૨૭ મે, ૨૦૧૮ ના રોજ સવારે ૧૦.૦૦ થી ૨.૦૦ કલાક દરમિયાન પર્યાવરણને સંલગ્ન વિવિધ વિષયો પર પરિસંવાદનું સુંદર આયોજન થયું. સવારે ૯.૩૦ કલાકે ચા, કોફી અને અલ્પાહાર બાદ લગભગ ૧૦.૩૦ કલાકે દીપ પ્રાગટ્ય અને રઘુવંશી ધ્વજવંદન ગીત ગાનથી કાર્યક્રમની શરૂઆત થઈ. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભિમાણીએ સ્વાગત પ્રવચન કરી સૌને અંતરના ઉમળકાથી આવકાર્યા હતા અને છેલ્લા અઢી વર્ષમાં પર્યાવરણ સમિતિ દ્વારા ભારતભરમાં થયેલી વિવિધ પ્રવૃત્તિઓ અંગે સૌને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે શ્રી લોહાણા મહાપરિષદની આરોગ્ય, શિક્ષણ, થેલેસેમિયા નાબૂદી જરૂરિયાતમંદ દર્દી પરિવારોને વિનામુલ્યે રહેવાની સહાય અને ભાગવત્ વિદ્યાપીઠ મુકામે નવીનીકરણ પામેલ અતિથિ નિકેતન વિષે પણ સૌને માહિતગાર કર્યા હતા. પર્યાવરણ સમિતિ દ્વારા સમયાંતરે કરવામાં આવતા આયોજનોને પણ ખૂબ બિરદાવી નવી પેઢીને સેવાકીય પ્રવૃત્તિઓમાં સાંકળવા માટે શ્રી કિરીટભાઈ ભિમાણીને પણ ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા. શ્રી પ્રવિણભાઈ કોટકના સબળ નેતૃત્વ હેઠળ શ્રી લોહાણા મહાપરિષદ વણથંભી રીતે નિરંતર સેવાકીય પ્રવૃત્તિઓ વ્યાપક બનાવી રહી છે ત્યારે શ્રી હિમાંશુભાઈ ઠક્કરે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. બ્રહ્મચારી આશ્રમ, ગોતરકા (ઉત્તર ગુજરાત)ના ક્રાંતિકારી સંત પૂ.શ્રી નિજાનંદસ્વામીએ પોતાની પ્રગલ્લભ વાણીથી સૌને તરબોળ કરતાં જણાવ્યું હતું કે પર્યાવરણ એ મીટીંગ અને ચર્ચાનો નહીં પણ જીવવાનો અને માણવાનો વિષય છે. તેમણે વિશ્વના ફલક ઉપર પર્યાવરણની અવગણના કરી વૃક્ષોનું નિકંદન કાઢનાર ભૂમધ્ય સમુદ્રના કિનારે આવેલા દેશોના અધઃપતનના સુંદર દાખલા આપ્યા હતા. કોઈ પણ દેશની સમૃધ્ધિ અને ચલણી નોટોના મૂલ્યનો પણ બહુ મોટો આધાર જે તે દેશની










પ્રાકૃતિક સંપદાઓ પર રહેલો છે. સ્વામીશ્રીએ આફ્રિકાના ઝામ્બિયા જેવા દેશોનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક સંપદાઓનું સંવર્ધન ન કરનારા નાગરિકો આજે એક પાણીની બોટલ કે એક શાકભાજી માટે તેમના દેશના લાખો રૂપિયા ખર્ચે છે. આ દેશનું ચલણ એટલું  નીચું જતું રહ્યું છે. સ્વામીશ્રીએ પર્યાવરણ સમિતિ દ્વારા લોકજાગૃતિના આવા કાર્યક્રમોને ખૂબ બિરદાવ્યા હતા.

ત્યારબાદ પ્લાસ્ટિક પ્રદૂષણ નિવારવા માટે શ્રી નરેશભાઈ ઠાકર દ્વારા અને પાણી બચાવો વિષય પર ડૉ. હિતેશ સોલંકી દ્વારા જીવન જરૂરિયાતના અભિગમો સાથે સુંદર હૃદયસ્પર્શી વક્તવ્ય આપવામાં આવ્યું હતું. શ્રી ભગવાનદાસ ઠક્કર (બંધુ) દ્વારા પણ 'વૃક્ષમાં વાસુદેવ' વિષય પર મનનીય વક્તવ્ય આપ્યું હતું અને ઘરઆંગણે કે આસપાસ તુલસી અને લીમડાનું જતન કરવા અનુરોધ કર્યો હતો. છેલ્લા ત્રણેક વર્ષોમાં સરકારશ્રી દ્વારા પણ વિવિધ ધાર્મિક જગ્યાઓએ નિર્માણ કરેલ ઉપવનના પણ દાખલા આપી આવા ઉપવનોની મુલાકાત લેવા પણ સૌને અનુરોધ કર્યો હતો.

શ્રી બંધુ સાહેબે શેર અને શાયરી સાથેની તેમની રસાળ શૈલીમાં માતૃસંસ્થા દ્વારા થતા આવા આયોજનોને વંદન કરી શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી હિંમતભાઈ કોટક અને શ્રી કિરીટભાઈ ભિમાણી તથા તેમની સમગ્ર ટીમને ખૂબ બિરદાવ્યા હતા.પર્યાવરણ માટે સુંદર કાર્ય કરી રહેલા શ્રી કપિલ ઠક્કર, શ્રી રોહન ઠક્કર, સુ શ્રી સોનલ વસાણી, શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા, શ્રી નિલેશ ઠક્કર, શ્રી નરોત્તમ ઠક્કર, શ્રી મનોજ ઠક્કર, શ્રી સંદિપ ઠક્કર તથા રમતગમત સમિતિના મંત્રી શ્રી પ્રકાશભાઈ ઠકરાર, આજનો યુગના તંત્રી શ્રી ફાલ્ગુન ઠક્કર, શ્રી નીતીન વાસાણી તથા પ્રિન્ટ મિડિયાના અન્ય સભ્યોને પણ આ મંચ પરથી શ્રી કિરીટભાઈ ભિમાણી દ્વારા બિરદાવવામાં આવ્યા હતા તેમજ પર્યાવરણ સમિતિના આ કાર્યક્રમમાં સહયોગી બન્યા હતા એવા શ્રી જયેન્દ્ર ઠક્કર (બાલાજી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી.), શ્રી હસમુખ ઠક્કર (ચંદર એન્ટરપ્રાઈઝ), શ્રી નિલેશ ઠક્કર (ઉપાધ્યક્ષ - ગુજરાત), શ્રી સોનલબેન વાસાણી (રાષ્ટ્રીય કારોબારી સભ્ય),શ્રી શ્યામલ ભિમાણી (એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ), શ્રી નરોત્તમ ઠક્કર (મંત્રી - ગુજરાત), શ્રી ભરત અખાણી (રાષ્ટ્રીય કારોબારી સભ્ય)નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માટે સુંદર સ્થળ સૌજન્ય માતૃસંસ્થા માટે નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવા બદલ શ્રી રમણભાઈ ફૂલચંદભાઈ ઠક્કરનું પણ સન્માન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં તમામ વક્તાઓ અને વિશેષ આમંત્રિત સભ્યોને પણ ખેસ અને મેમેન્ટોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૯૨ વર્ષના શ્રી રમણકાકાએ સમર્પિત શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી હિમાંશુભાઈ ઠક્કર અને આખી ટીમ જે મળી છે તેનો લાભ જ્ઞાતિના સભ્યો વધુમાં વધુ લે અને આ ટીમને પોતાનાથી શક્ય તમામ રીતે સહયોગી બને તે માટે હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અંત ભાગમાં શ્રી પ્રવિણભાઈ કોટકે પ્રમુખકીય ઉદ્બોધનમાં માતૃસંસ્થાના આ અભિયાનમાં સહભાગી થતાં તમામ સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને જીવનમાં પાણી અને વાણી જો સમજી અને સાચવીને વાપરીએ તો આપણો વિકાસ કરે અને જો પાણી અને વાણીનો વ્યય કરીએ તો એ વિનાશ નોંતરે. પૂ.નિજાનંદબાપુની સુંદર વાણીનો શ્રી લોહાણા મહાપરિષદને લાભ મળ્યો તે બદલ પણ પ્રમુખશ્રીએ તેમનો વિશેષ આભાર માન્યો હતો. લગભગ ૧.૪૫ કલાકે સંયુક્ત મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરે આભારવિધિ કરી કાર્યક્રમને પૂર્ણ થયેલ જાહેર કર્યો હતો અને સૌને ભોજન-પ્રસાદ (ગ્રીન મેનુ)નો આનંદ માણીને જ છૂટા પડવા અનુરોધ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંયુક્ત મંત્રી શ્રી હર્ષદરાય ઠક્કરે કર્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારો શ્રી હિંમતભાઈ કોટક, શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી શિલ્પાંગભાઈ કારીયા, શ્રી નરેશભાઈ ઠક્કર, શ્રી નીતીનભાઈ ઠક્કર, શ્રી અશોકભાઈ ગઢિયા,શ્રી જીતુભાઈ પૂજારા, શ્રી ધવલભાઈ આચાર્ય શ્રી હરીશભાઈ ઠક્કર,  શ્રી હર્ષદરાય ઠક્કર, શ્રી ભરતભાઈ માવાણી, શ્રી ભવાનભાઈ કોટક, શ્રી મનુભાઈ ગોકલાણી,  શ્રી અજયભાઈ ઠક્કર, સુ શ્રી સોનલ ઉનડકટ, શ્રી સંજય ઠક્કર, શ્રી મુકેશભાઈ ગોવાણી, શ્રી પ્રવિણભાઈ ગંધા ઉપરાંત સમસ્ત લોહાણા મિલન, શ્રી હા.ઘો.ક. લોહાણા મહાજન, શ્રી ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજન, શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન, શ્રી થરપારકર લોહાણા મહાજન, શ્રી લોહાણા પરિવાર મહિલા મંડળ, શ્રી લોહાણા પરિવાર, જલારામ સેવા મંડળ - ખમાસા, ઠક્કર પરિવાર, શ્રી જય જલિયાણ સત્સંગ મંડળ, વેજલપુર તથા જલારામ સત્સંગ મંડળ - મણિનગર,  તથા અન્ય સંસ્થાઓના સભ્યોએ ઉપસ્થિત રહી આયોજકોનો ઉત્સાહ વધાર્યો હતો.

**- કિરીટ ભિમાણી, અધ્યક્ષ**





# સંસ્થા સમાચાર

**ઉત્તર ગુજરાત** તા. ૨૯-૪-૧૮ ના રોજ ભીલડી, ઉત્તર ગુજરાત ખાતે વૃક્ષારોપણ, વૃક્ષારોપ વિતરણ, પક્ષીઓ માટે માટીના કુંડા તથા પુસ્તકોનું વિતરણ કરવામાં આવેલ. ગુજરાત વિભાગના મંત્રી શ્રી નરોત્તમભાઈ ઠક્કર, શ્રી દિલીપભાઈ ઠક્કર, શ્રી પીન્ટુભાઈ ઠક્કર, શ્રી પ્રવિણકુમાર પી. ઠક્કર, લાલો (ભાણો) મુડેઠા, શ્રી અતુલભાઈ ઠક્કર, શ્રી રાકેશભાઈ ઠક્કર, શ્રી આનંદભાઈ ઠક્કર તેમજ પર્યાવરણ પ્રેમી મિત્રો અને પ્રિન્ટ મિડિયાના લોકો પણ ઉપસ્થિત રહેલ. હોટલ શિલશિલા (ભીલડી) ભુવાજી ઠક્કર, શાંતિલાલ માઘજી પરિવાર દ્વારા આ કાર્યક્રમને સ્પોન્સર કરવામાં આવેલ.

તા.૧૯-૫-૧૮ના રોજ પાટણ (ઉત્તર ગુજરાત) લોહાણા મહાજનવાડી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવેલ. મારવાડી લોહાણા સમાજની વાડી ખાતે સ્વ.પ્રહલાદભાઈ ઠક્કરની પુણ્યતિથિ નિમિત્તે પર્યાવરણ બચાવવા માટે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં જુદી જુદી જાતના વૃક્ષોનું સમાજની વાડીમાં વાવેતર કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી કિરીટભાઈ ભિમાણી, નરોત્તમભાઈ ઠક્કર, શ્રી કિશોરભાઈ ઠક્કર, શ્રી આનંદભાઈ ઠક્કર, તંત્રી શ્રી લોહાણા ન્યુઝ, ડીસા, શ્રી વિનોદભાઈ ઠક્કર, તંત્રી શ્રી બુનિયાદ દૈનિક, લાલેશભાઈ ઠક્કર, આર.જી. ઠક્કર, રાજુભાઈ ઠક્કર, ભરતભાઈ ઠક્કર, નરોત્તમભાઈ ઠક્કર, મેહુલભાઈ ઠક્કર, સતીષભાઈ ઠક્કર, બાબુલાલ ગોપાળજી ઠક્કર, ચંદ્રિકાબેન ઠક્કર, હસુમતિબેન ઠક્કર, શોભનાબેન ઠક્કર, કંચનબેન ઠક્કર, સુશીલાબેન ઠક્કર, શાંતાબેન ઠક્કર, નયનાબેન ઠક્કર, જ્યોતિબેન ઠક્કર, ભગવતીબેન ઠક્કર, કલાવતીબેન ઠક્કર વગેરે ઉપસ્થિત રહેલ.

**જસદણ** તા.૮-૫-૧૮ ના રોજ જસદણ (સૌરાષ્ટ્ર) ખાતે શ્રીમતી સોનલબેન વસાણી તથા જસદણ નગરપાલિકાના સભ્યો દ્વારા પક્ષીઓ માટેના પાણીના કુંડા તથા બર્ડ ફીડર ડીશનું વિતરણ કરવામાં આવેલ.

**અમદાવાદ** તા.૧૩-૫-૧૮ ના રોજ અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં 'ગો ગ્રીન' કેમ્પેન અંતર્ગત વૃક્ષોમાંથી ખીલ્લાં કાઢવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી કિરીટભાઈ ભિમાણી, શ્રી નરોત્તમભાઈ ઠક્કર, શ્રી રીતેશભાઈ ઠક્કર, આર.જે. અદિતી તથા પર્યાવરણ પ્રેમી મિત્રો હાજર રહેલ.

**સરા** તા. ૧૪-૫-૧૮ ના રોજ સરા (સૌરાષ્ટ્ર) ખાતે પક્ષીઓ માટે પાણીના કુંડા તથા પક્ષીઓ માટે માળાનો વિનામૂલ્યે વિતરણ કરવાનો કાર્યક્રમ શ્રી કિરીટભાઈ ભિમાણી, શ્રી મેલડી માતાજીના મંદિરના ભુવા, શ્રી ચંદ્રકાંતભાઈ દોશી, શ્રી શૈલેષભાઈ ઠક્કર, ભારતીય જનતા પાર્ટી લખનૌ (ઉ.પ્રદેશ)થી ધીરજ શ્રી વાસ્તવજી તથા રઘુવંશી સમાજ તથા અન્ય સમાજ તેમજ સંસ્થાઓના અગ્રણીઓ તથા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જીવદયા પ્રેમીઓની હાજરીમાં યોજવામાં આવેલ જે દરમિયાન શ્રી કિરીટભાઈ ભિમાણી તથા ભુવા શ્રી ચંદ્રકાન્તભાઈ દોશીનું વિવિધ અગ્રણીઓ દ્વારા સન્માન કરવામાં આવેલ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રી શ્રી મિત્તલભાઈ ખેતાણીનો પર્યાવરણ સમિતિ, સૌરાષ્ટ્ર વિભાગ ઋણસ્વીકાર સાથે આભાર વ્યક્ત કરવામાં આવેલ.

**અમરેલી** "અન્ન બચાવો... જીવન બચાવો...પર્યાવરણ બચાવો" અભિયાન અંતર્ગત, અમરેલી (સૌરાષ્ટ્ર) ખાતે પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય કારોબારી સભ્ય, શ્રી સુમિતભાઈ કારીયા દ્વારા 'જલારામ રથ' શરૂ કરવામાં આવેલ છે કે જે અમરેલીની સિવિલ હોસ્પિટલ પાસે રાત્રે વિનામૂલ્યે ભોજન કરાવે છે.

**મુંબઈ** તા.૨૦-૫-૧૮ ના રોજ મુંબઈ ખાતે પર્યાવરણ સમિતિના મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના મંત્રી શ્રી લલિતભાઈ ઠક્કર દ્વારા ગ્રીન યાત્રામાં 'નો પ્લાસ્ટિક' તથા 'બીટ પ્લાસ્ટિક પોલ્યુશન'નો સંદેશો સૌને આપવામાં આવેલ.

**અંજાર-આદિપુર-ભચાઉ** ઠક્કર લવજીભાઈ ઉકશીભાઈ ગંધા ચેરીટેબલ ટ્રસ્ટ-સામખીયારી દ્વારા નિઃશુલ્ક નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું, ટ્રસ્ટી શ્રી હરીલાલ દયાજી રામાણી તથા શ્રી કે. સી. ઠક્કરના સહયોગથી છેલ્લા વર્ષથી આ કાર્ય ચાલી રહ્યું છે. નિઃશુલ્ક નોટબુકનું વિતરણ અંજાર-આદિપુર તેમજ ભચાઉ જેવા કચ્છના વિવિધ વિસ્તારોમાં થઈ રહ્યું છે.

સંકલન : કે. સી. ઠક્કર

### માંડવી

શ્રી માંડવી લોહાણા મહાજનના સાનિધ્યમાં શ્રી માંડવી લોહાણા યુવક મંડળ આયોજિત શિવપુરાણ કથા જ્ઞાનયજ્ઞનું આયોજન તા. ૪-૬-૨૦૧૮ થી ૧૩-૬-૨૦૧૮ના રોજ શ્રી લોહાણા મહાજનવાડી, તળાવવાળા નાકા પાસે, માંડવી (કચ્છ) ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કથાના મુખ્ય યજમાન શ્રી સાવિત્રીબેન મોહનલાલ અરજણ પવાણી પરિવાર (મસ્કતવાળા) તરફથી સૌજન્ય પ્રાપ્ત થયું હતું. પૂ.વંદનીય સંતશ્રી હરિભાઈ પોપટના શ્રીમુખે ગવાયેલ કથાનું શ્રવણ અસંખ્ય શ્રોતાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કથા દરમિયાન સમુહ પ્રસાદનું આયોજન તા. ૧૩-૬-૨૦૧૮ ના રોજ કરવામાં આવ્યું હતું જેમાં પરમ પૂજ્ય ઉષામાં (શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર સત્સંગ મંડળ માંડવી), શ્રી મહેન્દ્રભાઈ ચંદન (ભામાશા) - (ટ્રસ્ટીશ્રી નરા ગૌશાળા (મુંબઈ), ગં.સ્વ.સાવિત્રીબેન ચોથાણી - માંડવી દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું હતું અને અતિથિ વિશેષ તરીકે શ્રી હરીશભાઈ ગણાત્રા, શ્રી નવિનભાઈ આઈયા, શ્રી કિરણભાઈ એમ. ગણાત્રા, શ્રી રાજુભાઈ પલણ, શ્રી હસમુખભાઈ પી. ઠક્કર, શ્રી નેહલ એચ. ગણાત્રા, શ્રી મૌલિકભાઈ બી. ચંદારાણા, શ્રી હીરેનભાઈ એસ. ભીંડે વગેરેની ઉપસ્થિતિમાં શિવપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંકલન : હીરેન એસ. ભીંડ

### જૂનાગઢ

શ્રી જલારામ પરિવાર ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા આયોજિત જલારામ ભક્તિધામ ખાતે જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારના સમગ્ર સત્સંગી મહિલા મંડળોને પાવન પુરૂષોત્તમ માસ નિમિત્તે સત્સંગ માટે આમંત્રિત કરેલા. અધધધ સંખ્યામાં ઉમટી પડેલી મહિલાઓને સમાવવા મંદિરનો વિશાળ સત્સંગ હોલ સાંકડો પડ્યો હતો. ખીચોખીચ હોલ ભરાયા પછી પગથિયા, પટાંગણ જ્યાં જગ્યા દેખાય ત્યાં મહિલા વૃંદોના ટોળા ઉભરાતા હતાં. ત્રણેક કલાક સુધી બહેનોએ ધોળ, ધુન, રાસ અને ગરબાની રમઝટ બોલાવી, કાન ઘેલી થયેલી એ ગોપીઓના સુરીલા કંઠ અને જોશીલા નાદથી સત્સંગ હોલ ગુંજી ઉઠ્યો. સમગ્ર વાતાવરણની દરેક ક્ષણ ભક્તિસભર બન્યે જતી હતી. આવા માહોલથી પ્રેરાઈને એક બહેને તો ત્યાં જ પોતાનો લોટી ઉત્સવનો પ્રસંગ સંપન્ન કરાવીને લાખેણે લહાવો લઈ લીધો. શત શત દિવડાઓની મહા આરતીનો નજારો અલૌકિક હતો. એ પછી સત્યનારાયણ કથાનું શ્રવણ કરી સૌ પાવન થયા, વિશાળ સમુદાયે સમૂહ પ્રસાદનો આનંદ માણ્યો હતો. સત્સંગ કાર્યક્રમની સાથે સાથે સમાજ સેવાલક્ષી કાર્ય પણ ચાલતું રહ્યું. જૂનાગઢના ફીટવેલ વેલનેસ સેન્ટરના ઉપક્રમે બીપી, ડાયાબિટીસ, સાયટિકા, ચિકનગુનિયા એવા સંખ્યાબંધ દર્દીઓને ટેકસ ટેક્નોલોજી મશીન દ્વારા થેરાપી આપીને સુંદર માનવ સેવાનો લાભ લીધો હતો.

સંકલન : પી.બી. ઉનડકટ

### પાલઘર

રઘુ શક્તિ સેવા ટ્રસ્ટ દ્વારા પાલઘર ગૌશાળામાં દ્વિદિવસીય મેડિકલ કેમ્પમાં ૧૦૦૦ જેટલી ગાયોની વૈદ્યકિય સારવાર કરવામાં આવી હતી. રઘુ શક્તિ સેવા ટ્રસ્ટ (રજી.) અને મુંબઈ પશુ વૈદ્યકીય મહાવિદ્યાલય વેટરનીટી કોલેજ પરેલ દ્વારા સંયુક્ત રીતે પશુ ચિકિત્સા, ઉપચાર અને રસીકરણ દ્વિદિવસીય શિબિરનું આયોજન શનિ તા. ૫ અને ૬ જૂન ૨૦૧૮ ના રોજ કરવામાં આવ્યું હતું. શ્રી કલાપૂર્ણમ જીવદયાધામ (ગૌશાળા) અબાચા પાડા, દેવખોપ - પાલઘર (પૂર્વ)માં લોહાણા બંધુ મંડળ (વિજુ ભગત, ભટવાડી) અને શ્રી માટુંગા જૈન ગો રક્ષક મંડળ (પંકજભાઈ મહેતા)ના સંગાથે યોજાયેલી આ મેડિકલ શિબિરમાં વેટરનીટી કોલેજના પ્રોફેસર અને સર્જરી ડિપાર્ટમેન્ટ હેડ ડૉ. દિનેશ લોખંડે, એસોસીએટેડ ડીન ડૉ. પી.એલ. કાંડે, આસીસ્ટન્ટ ડૉ. આર.જે. ચૌધરી અને ડૉ. નરેન્દ્ર કરંબલેના માર્ગદર્શન હેઠળ ૮૦ જેટલા તાલીમાર્થી ડોક્ટરોએ ૧૦૦૦ જેટલી ગાયોની ચિકિત્સા કરી રોગ પ્રતિકારક રસી મૂકી હતી. સાથે ગૌવંશને ત્રણ ટન કેળા પશુખાદ્ય તરીકે (સાથે ત્યાંના વાંદરાઓને પણ) આપવામાં આવ્યા હતા. ગૌ શાળાના ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ સાવલા, વ્યવસ્થાપકો શ્રી પ્રદીપભાઈ પટેલ, શ્રીમતી હસુબેન પટેલ, ગૌશાળાના ડૉ. પાટીલનો આ શિબિર માટે રચનાત્મક સાથ મળ્યો હતો.

સાથે સાથે આ બે દિવસ દરમિયાન રઘુ શક્તિ સેવા ટ્રસ્ટ દ્વારા સ્વચ્છ પર્યાવરણ અભિયાનના ભાગરૂપે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો હતો જેમાં પાલઘર જિલ્લામાં ટ્રસ્ટના કાર્યકરોએ ૫૦ જેટલા લીમડાના વૃક્ષોનું વાવેતર કર્યું હતું.

સંકલન : લાલજી સર




**મુલુંડ (મુંબઈ)** શ્રી નિમેષ તન્ના ચેરીટેબલ ટ્રસ્ટના ફ્રી ટીફીન સેવાનો લાભ લેતા સીનીયર સીટીઝનો માટે અધિક માસ નિમિત્તે એક દિવસીય નિઃશુલ્ક યાત્રા પ્રવાસનું આયોજન તા. ૩ જૂન, ૨૦૧૮ ને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. બે એ.સી. બસના આહ્‌લાદક વાતાવરણમાં આણંદી જલારામ ધામ અને નારાયણી ધામ લોનાવાલા મંદિરના દર્શન તેમના માટે ભાવવાહી અને યાદગાર બની રહ્યા હતા. આણંદીમાં જલારામ બાપાના મંદિરે દર્શન સાથે ભોજન પ્રસાદ બાદ ત્યાં સત્સંગ કરવામાં આવ્યો હતો. લોનાવાલા નારાયણી ધામમાં ભવ્ય મંદિરમાં દર્શન, ગૌશાળામાં ગાયોને સ્વહસ્તે ચારો, સાંજે અહીં વિશાળ પરિસરમાં ગોષ્ઠી પણ આ વયસ્કો માટે અનેરો અનુભવ બની રહ્યો હતો. આ બે એ.સી. બસ માટે જય નિત્યાનંદ બાબા, શ્રી હીરાલાલભાઈ મૃગ, સાર્થક અતુલભાઈ કતીરાનું સૌજન્ય પ્રાપ્ત થયું હતું. શ્રી અરૂણભાઈ ભીંડેએ શીતળ પીણાની વ્યવસ્થા કરી હતી. શ્રી હીરાલાલભાઈ મૃગ, શ્રી અરૂણભાઈ ભીંડેની સુપુત્રી શ્રીમતી શીતલ બારૂ દ્વારા શ્રીફળ વધેરી આ યાત્રા પ્રવાસની શુભ શરૂઆત થઈ હતી. બસમાં અલ્પાહાર માટે ટ્રસ્ટ દ્વારા કીર આપવામાં આવી હતી. સાંજે પુરણપોળી સાથેનું સ્વાદિષ્ટ ભોજન લોનાવાલાની જાણીતી દીવાળી બાગ હોટલની સુચેતી લોનમાં લેવામાં આવ્યું હતું. આ યાત્રા પ્રવાસ માટે ટ્રસ્ટીઓ શ્રીમતી દમયંતીબેન તન્ના અને શ્રી પ્રદીપભાઈ તન્નાને શ્રી લાલજી સર, શ્રી અશ્વિનભાઈ પોપટ, શ્રી શશીભાઈ સાવલા, શ્રી મોહન સર, ડૉ. ચંદ્રેશભાઈ ચાંદ્રા, ડૉ. નીતાબેન ચાંદ્રા, શ્રી નીતિનભાઈ કારિયા, ધારા ગાલા, ધર્મિષ્ઠાબેન કારિયા વગેરે સંનિષ્ઠ કાર્યકરોનો સારો સાથ મળ્યો હતો.

સંકલન : લાલજી સર

**મુંબઈ** શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ અને શ્રી લોહાણા સ્વયંસેવક મંડળ અને શ્રી લોહાણા સમાજ સંગઠન કોંકણ વિભાગના સથવારે શાનદાર ૮મો જીવનસાથી પરિચય પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ અને પરિસરના તમામ મહાજન સંસ્થાઓના પ્રમુક શ્રી અને પદાધિકારીઓની ગરિમામય હાજરી, સામાજીક મેરેજ બ્યુરો સંસ્થાઓના સંચાલકોની ઉપસ્થિતિથી જાણે લોહાણા ભવનમાં રામ દરબાર ભરાયો હોય તેવી પ્રતીતિ થઈ હતી. આ પરિચય પસંદગી મેળામાં ૨૮૧ ઉમેદવારોએ જીવનસાથી પાત્ર પસંદગી માટે અપેક્ષાની મીટ માંડી સહભાગી થયા હતા. ચારસોથી અધિક માતા પિતા અને વાલીઓએ પોતાના સંતાનો માટે પાત્ર પસંદગીના આ મેળાવડામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિયત સમયે ૧૦.૦૦ કલાકે ઉદ્‌ઘોષક શ્રી અશોકભાઈ ઠક્કરે દીપ પ્રાગટ્ય માનનીય મહેમાનોને મંચ પર દોરી લાવવા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કર, શ્રીમતી મીનાબેન રૂપારેલ, ટ્રસ્ટી શ્રી ધર્મેન્દ્રભાઈ કારિયા, પ્રમુખ શ્રી સંજયભાઈ પલાણ, ટ્રસ્ટી શ્રી અને પ્રોજેક્ટર ડાયરેક્ટર શ્રી હિમંતભાઈ સોમૈયાને વિનંતી કરી હતી. ગણેશ વંદના ગીત અને રઘુવંશ કીર્તિ ગીતનું ગાન શ્રીમતી પ્રીતિ સોમૈયા, શ્રીમતી આશા મણીધર અને શ્રીમતી મીનાબેન કારીયાએ કર્ણપ્રિય સ્વરોમાં રજૂ કર્યું હતું. આ પસંદગી મેળાના કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રતિનિધિઓમાં ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કર, શ્રી સતિષભાઈ વિઠલાણી, ડૉ. સુરેશભાઈ પોપટ, શ્રી નિતીનભાઈ પાંધી, શ્રી શંભુભાઈ હરિયાણીની સાથે સાથે શ્રી કચ્છી લોહાણા મહાજનના પદાધિકારીઓ, શ્રી કચોછી લોહાણા મહાજન મુંબઈના પદાધિકારીઓ, શ્રી હાલાઈ લોહાણા મહાજન મુંબઈના પદાધિકારીઓ, શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડના પદાધિકારીઓ, શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજનના પ્રતિનિધિઓ, શ્રી પનવેલ લોહાણા મહાજનના પ્રતિનિધિઓ, શ્રી ઉપનગર કચ્છી લોહાણા મહાજનના પદાધિકારીઓ, શ્રી બોરીવલી લોહાણા સમાજના પદાધિકારીઓ, શ્રી ઉલ્હાસનગર અંબરનાથ બદલાપુર લોહાણા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આમ સાંજના ચાર વાગ્યાથી ચાલેલા ૮મા પરિચય મિલન મેળાવડાના આયોજન, વ્યવસ્થા અને નોવેલ કન્સેપ્ટસ માટે મહાજનોના પ્રતિનિધિઓએ મોફાટ વખાણ કરી શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ પરિચય મિલન મેળાવડા સમિતિને અભિનંદન આપ્યા હતા.

સંકલન : લાલજી સર

**મુંબઈ** શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ શિક્ષણ સમિતિ આયોજીત નિઃશુલ્ક કેરીયર ગાઈડન્સ તા. ૧૩ મે, ૨૦૧૮ ને રવિવારના રોજ વડગાદી મુંબઈમાં વિશાળ સુશોભિત દરિયાસ્થાન હોલમાં સવારના સ્ક્રીન ડિસ્પ્લેથી વિવિધ અભ્યાસક્રમોની માહિતી અને ભોજન બાદ અહીં જ એપ્ટીટ્યૂટ ટેસ્ટ, મંદિરમાં પ્રવચનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં દિગ્ગજ કાઉન્સેલરો જન્મભૂમિ કારકિર્દી કટાર લેખક શ્રી વ્રજ પટેલ, મયુરપંખના શ્રીમતી નીરૂબેન છેડા, જ્ઞાતિની ઉભરતી પ્રતિભા કોમર્શીઅલ આર્ટ ડિરેક્ટર કુ. રિદ્ધિ ઠક્કર (મહિધર) દ્વારા આગવી શૈલીમાં અતિ ઉપયોગી માર્ગદર્શન, એપ્ટીટ્યુટ ટેસ્ટ, વાલીઓ માટે પૂ.શ્રી હરિભાઈ કોઠારી ડીવીડી પ્રવચન, બધા માટે સવારે ચા-નાસ્તો, રસ પૂરીનું જમણ, સાંજે ચા-કોફી, વિદ્યાર્થીઓને કીટ, આવવા જવા માટેની બસ સગવડમાં ગીત સંગીતની રમઝટથી વિદ્યાર્થીઓ અને વાલીઓ, શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈની શિક્ષણ સમિતિ દ્વારા આયોજીત સંપુર્ણ નિઃશુલ્ક ગાઈડન્સ કાર્યક્રમથી ભાવવિભોર થઈ ગયા હતા. વિદ્યાર્થીઓ અને વાલીઓએ હૃદય પૂર્વક માણ્યો હતો.

સંકલન : લાલજી સર

# શાબાશ રઘુવંશી



રક્તદાન એ દરેક માનવના જીવનનો અભિન્ન હિસ્સો બને તે અતિ આવશ્યક છે. રક્તદાન કરીને કોઈ પણ વ્યક્તિ દાતા હોવાનું સાત્વિક ગૌરવ અનુભવી શકે છે. ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ રક્તદાન કરી શકે અને શ્રીમંતમાં શ્રીમંત વ્યક્તિને પણ તે વ્યક્તિના રક્ત ને લેવાની ફરજ પડી શકે છે. પરમ કૃપાળુ પરમાત્માએ ગરીબો અને શ્રીમંતોના લોહીમાં કોઈ ફરક મૂક્યો નથી. ત્યારે  સૌ સભ્યો વધુમાં વધુ રક્તદાન કરે અને બીજાને પણ રક્તદાન કરવાની પ્રેરણા આપે. શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજન, આણંદના ટ્રસ્ટી, તથા આણંદના જ્ઞાતિશ્રેષ્ઠી **શ્રી જગદીશભાઈ ગોવિંદભાઈ હરિયાણી**એ પણ ૧૦૨ વખત રક્તદાન કરી રક્તદાન એ મહાદાન છે તે પુરવાર કર્યું છે. ૫૮ વર્ષીય જગદીશભાઈનું ધ્યેય ૬૫ વર્ષ સુધી અવિરત દર ત્રણ મહિને રક્તદાન કરવું અને રક્ત જરૂરિયાતમંદોને મદદ કરતા રહેવું તેવો છે.



શ્રી લોહાણા મહાપરિષદના પૂર્વ ટ્રસ્ટી તથા એક એવોર્ડના દાતા સ્વ. શ્રી મણીલાલ કાથરાણીના સુપુત્ર તથા માતૃસંસ્થાના દક્ષિણ ભારત વિભાગના પ્રભારી **શ્રી હેમંતભાઈ કાથરાણી** (ભુવનેશ્વર) ઓરિસ્સા ગુજરાતી સમાજના પ્રમુખ બન્યા તે બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ વતી ખૂબ ખૂબ અભિનંદન.

સુરજકરાડીના શ્રી રમેશભાઈ માવજીભાઈ સચદેવના સુપુત્ર **ચિ. કિશન**ના લગ્ન પ્રસંગે ચાંદલા અને વધાવારૂપે આવેલ તમામ રકમ સુરજકરાડી (મીઠાપુર) સ્થિત શ્રી માધવ પાંજરાપોળ ટ્રસ્ટ (ગૌશાળા)ને અર્પણ કરવામાં આવેલ. જેમાં સચદેવ પરિવાર તરફથી રૂા. ૧,૧૧,૧૧૧/- અને વધાવા રૂપે આવેલ રકમ રૂા. ૪૨,૧૦૦/- ગૌદાન પ્રાપ્ત થયેલ છે. માતૃસંસ્થા શ્રી લોહાણા તરફથી સચદેવ પરિવારના ખૂબ ખૂબ શુભેચ્છા સહ અભિનંદન....





માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મુખપત્ર 'શ્રી રઘુકુળ વિશ્વ' ના તંત્રી શ્રી ચંદ્રકાન્તભાઈ જે. તન્નાની દીકરી **કુમારી દ્રષ્ટિ**ને ધો.૧૨ સાયન્સ (CBSC)માં ૮૭% ગુણ પ્રાપ્ત કરી સમાજનું ગૌરવ વધાર્યું છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તરફથી દીકરી દ્રષ્ટિને ખૂબ ખૂબ અભિનંદન....



# શ્રી લોહાણા મહાપરિષદ



## રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ / ભાગવત વિદ્યાપીઠ સોલા
## સંચાલિત
## શ્રી ખીમજી ભગવાનદાસ આર.સી.ટી. ભાગવત અતિથિ ભવન

અમદાવાદ ખાતે ભાગવત વિદ્યાપીઠ સંકુલમાં નવીનીકરણ પામી રહેલ અતિથિ નિકેતનમાં શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ તથા અન્ય દાતાશ્રેષ્ઠીશ્રીઓના સાથ સહકારથી આ કાર્ય આગળ વધી રહ્યું છે પ્રાથમિક તબક્કામાં લોકાર્પણ પામેલ એક વિંગના ૨૦ જેટલા રૂમો ખૂલ્લા મુકાયેલ છે. આ રૂમોના ઉપયોગ માટે સંચાલન સમિતિની બેઠકમાં સુનિશ્ચિત કરાયેલ દરોએ રૂમોની તેમજ અન્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.



## ૨૦ રૂમો, યોગ્ય સગવડો સાથે રોકાણ માટે ઉપલબ્ધ

## રૂમ ચાર્જ : ૯૫૦/-

**સારવાર અર્થે અમદાવાદ આવતા જરૂરિયાતમંદ પરિવારો માટે વિનામૂલ્યે રોકાવાની સુવિધા ઉપલબ્ધ.**
**સ્થાનિક મહાજનશ્રીનો ભલામણપત્ર અનિવાર્ય છે.**

**વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર : શ્રી મધુકર મજીઠીયા, મો. 8238256700**

# શ્રી લોહાણા મહાપરિષદની સપ્તમ્ કારોબારી સમિતિની બેઠકની પૂર્વ તૈયારીના ભાગરૂપે યોજાયેલ સ્થાનિક સભ્યોની મિટિંગ તથા પ્રેસ કોન્ફરન્સ

તા.૨ જૂન, ૨૦૧૮ ને શનિવારના રોજ ગુજરાતી સમાજ, કોઈમ્બતુર મુકામે સાંજે ૬.૦૦ કલાકે પ્રેસમીટ તથા મહાજનશ્રીના સ્થાનિક સભ્યો સાથેની મીટિંગ યોજાઈ હતી. અલ્પાહાર અને ત્યારબાદ રઘુવંશી ધ્વજવંદન ગીત ગાનથી આ મીટિંગની શરૂઆત કરી કાર્યક્રમનું સંચાલન કરી રહેલા સુશ્રી રૂપલબેન ઠક્કરે પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ ઠક્કરને મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરને તથા શ્રી અશ્વિનભાઈ ઠક્કર અને સુશ્રી જ્યોતિબેન જોબનપુત્રાને મંચસ્થ થવા વિનંતી કરી હતી. પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ ઠક્કરે આજદિન સુધી થયેલા સંકલન વિશે સૌને માહિતગાર કર્યા હતા અને પ્રેસના મિત્રોને ત્રણેય ભાષાઓમાં માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની કાર્યપ્રવૃત્તિઓ અને તા. ૨૪ જૂન, ૨૦૧૮ ના રોજ યોજાઈ રહેલી કારોબારી સમિતિની બેઠક અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ તબક્કે શ્રી દિવ્યેશભાઈ ઠક્કરે મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરનું સ્વાગત કર્યું હતું. સાથે સાથે શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પણ પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ ઠક્કરને માતૃસંસ્થાને ખેસ અર્પણ કરી કારોબારી સમિતિની બેઠકની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી અને દરેક પ્રકારના સુંદર સંકલન માટે થયેલ ઝીણવટપૂર્વકના આયોજનની સરાહના કરી હતી.

શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, કોઈમ્બતુર જેવા શહેર કે જ્યાં જૂજ લોહાણા વસે છે ત્યાં મહાજનશ્રીના સુવર્ણજયંતિ વર્ષને યાદગાર બનાવવા માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને તેમની સમગ્ર ટીમને આતિથ્યભાવથી સુવર્ણજયંતિ વર્ષની ઉજવણીમાં સાક્ષી બનાવવા માટેનું પ્રેમ નિમંત્રણ મળ્યું છે તે આજીવન સ્મૃતિ બની રહેશે. આ મીટિંગને સફળ બનાવવા માટે શ્રી દિવ્યેશભાઈ ઠક્કર, શ્રી અશ્વિનભાઈ ઠક્કર તથા દક્ષિણ ભારત વિભાગના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ સાગલાણીના માર્ગદર્શનમાં સુશ્રી જ્યોતિબેન કૃષ્ણકુમાર, શ્રી વિજયભાઈ પોપટ, શ્રી મનહરભાઈ મજીઠીયા, શ્રી ભાસ્કરભાઈ પવાની, શ્રી સુરેશભાઈ ગોકુલદાસ, શ્રી પ્રતાપભાઈ ગોકુલદાસ, શ્રી કમલેશભાઈ મોદી, શ્રી પ્રતિકભાઈ ઠક્કર, શ્રી હેમંતભાઈ ખાંટ (મંત્રી), શ્રી પિયુષભાઈ ઠક્કર (ખજાનચી), શ્રી સચિનભાઈ કોટેચા, શ્રી જિનેશભાઈ દત્તાણી, શ્રી નૈનેષભાઈ તન્ના, સુશ્રી સાધનાબેન સુરેશભાઈ મંગલદાસ (મહિલા વિભાગ પ્રમુખ) તથા તેમની સમસ્ત મહિલા વિભાગની ટીમ, અને યુવા વિભાગની ટીમ વિશેષ જહેમત ઉઠાવી રહ્યા છે.

આ મીટિંગમાં શ્રી સચિનભાઈ કોટેચા તથા શ્રીમતી પલ્લવીબેન કોટેચાના સુપુત્ર ચિ. રાઘવે ૧૨ વર્ષની ઉંમરે ડ્રમમાં ટ્રીનિટી લંડનના ઉચ્ચત્તમ ૮મા ગ્રેડની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ સમગ્ર કોઈમ્બતુર લોહાણા સમાજનું ગૌરવ વધારેલ તે બદલ શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરના હસ્તે સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું તથા આ પ્રસંગે ચિ. રાઘવે ડ્રમ પરફોર્મન્સ કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે તીરપુર મહાજનના પ્રમુખ શ્રી નારણદાસ પવાણી, શ્રી તેજસભાઈ, સુશ્રી જીજ્ઞાબેન પૂજારા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ બાદ સૌએ ભોજનપ્રસાદનો આનંદ માણ્યો હતો.










– મધ્યસ્થ કાર્યાલય

**RNI NO. : GUJ/GUJ/2011/44815**

'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th June, 2018




**If Undelivered return to:**

**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Chandrakant Tanna
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380059 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)